ફિફા વર્લ્ડકપની પહેલી મેચમાં ત્રણ રેડ કાર્ડના વિવાદ વચ્ચે સહ યજમાન મેક્સિકોએ સરળ જીત મેળવી

દક્ષિણ આફ્રિકાને હરાવી મેક્સિકોની વિજયી શરૂઆત

જુલિયન ક્વિનોન્સ અને રાઉલ જીમેનેઝના ગોલથી મેક્સિકોએ દક્ષિણ આફ્રિકાને 2-0થી હરાવ્યું

દક્ષિણ આફ્રિકાના બે અને મેક્સિકોના એક ખેલાડીને રેડ કાર્ડ બતાવાયું

મેક્સિકો સિટી, તા. 12 (એપી) : અત્યાર સુધીના સૌથી મોટા ફૂટબોલ વર્લ્ડકપની ગઇકાલે ગુરુવારે રમાયેલી પ્રારંભિક મેચમાં દક્ષિણ આફ્રિકાને 2-0થી હરાવીને સહ-યજમાન મેક્સિકોએ તેના અભિયાનની શાનદાર શરૂઆત કરી હતી. આ મેચને ત્રણ રેડ કાર્ડ બતાવવાના કારણે યાદ કરાશે.

સહ-યજમાન મેક્સિકો માટે જુલિયન ક્વિનોન્સે નવમી અને રાઉલ જીમેનેઝે 66મી મિનિટે ગોલ કર્યા. 80824 પ્રેક્ષકોની સામે મેક્સિકો આક્રમક રીતે રમ્યું, નવમી મિનિટમાં ક્વિનોન્સના ગોલથી સરસાઇ મેળવી. 66મી મિનિટે જીમેનેઝે હેડર સાથે બીજો ગોલ કર્યો. આ મેક્સિકો માટે તેનો 46મો પરંતુ ત્રણ વર્લ્ડકપમાં તેનો પહેલો ગોલ હતો.

ચાર વર્ષ પહેલાં કતારમાં રમાયેલા વર્લ્ડ કપમાં મેક્સિકો ગ્રુપ સ્ટેજમાંથી બહાર થઈ ગયું હતું. તે પહેલાં, તેઓ સતત સાત વખત અંતિમ 16માં પહોંચ્યા હતા પરંતુ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા ન હતા. આ વર્ષે આશાનું કિરણ છે. મેક્સિકો ફક્ત બે વાર, 1970 અને 1986માં, વર્લ્ડકપ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યું છે. બંને વખત, તે યજમાન હતું.

દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ સ્ફેફેલો સિથોલને 50મી અને થેમ્બા ઝ્વેને 84મી મિનિટે રેડ કાર્ડ બતાવાયું જેના કારણે ટીમને નવ ખેલાડીઓ સાથે મેચનો અંત કરવો પડ્યો હતો. મેક્સિકોના ડિફેન્ડર સીઝર મોન્ટેસને પણ ઈજાના સમયમાં મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો હતો.

જાપાનનો કેપ્ટન વાટારુ એન્ડો વર્લ્ડકપમાંથી બહાર, નિવૃત્તિ જાહેર કરી

ટોક્યો, તા. 12 (એપી) : જાપાનના કેપ્ટન વાટારુ એન્ડો પગની ઈજાને કારણે વર્લ્ડકપમાંથી બહાર થઈ ગયો છે, લિવરપૂલના મિડફિલ્ડરે તે પછી તરત જ ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.જાપાન નેધરલેન્ડ્સ સામે તેની શરૂઆતની મેચ રમવાનું છે, પરંતુ ગુરુવારે, મેચના ત્રણ દિવસ પહેલા, 33 વર્ષીય એન્ડોએ તેના X એકાઉન્ટ પર જાપાનીઝ ભાષામાં ટુર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય જાહેર કર્યો. ફેબ્રુઆરીમાં ડાબા પગની સર્જરી કરાવનાર એન્ડોએ કહ્યું કે ઈજા પછી મેં મારું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને મને કોઈ અફસોસ નથી. હું ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી પણ નિવૃત્તિ લઈ રહ્યો છું.

ફિફા વર્લ્ડકપની પહેલી મેચમાં ત્રણ રેડ કાર્ડનો નવો રેકોર્ડ બન્યો

1990માં વર્લ્ડકપની પહેલી મેચમાં આર્જેન્ટીના સામે કેમરુનને બે રેડ કાર્ડ બતાવાયા હતા, 36 વર્ષે રેકોર્ડ તૂટ્યો

ઓવરઓલ વર્લ્ડકપની મેચમાં સર્વાધિક ચાર રેડ કાર્ડ 2006માં પોર્ટુગલ અને નેધરલેન્ડ વચ્ચેની મેચમાં બતાવાયા હતા

મેક્સિકો સિટી, તા. 12 (એપી) : મેક્સિકો અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ગઇકાલે ગુરુવારે વર્લ્ડકપની ઉદ્‌ઘાટન મેચમાં ઇન્ટરનેશનલ ફૂટબોલમાં એક અનોખી ઘટના જોવા મળી કે ત્રણ ખેલાડીઓને રેડ કાર્ડ બતાવવામાં આવ્યા. ભલે આ વર્લ્ડકપનો રેકોર્ડ ન હોય, પણ શરૂઆતની મેચમાં રેડ કાર્ડ મળવાનો આ એક નવો રેકોર્ડ છે. અગાઉ 1990ના વર્લ્ડકપની પહેલી મેચમાં આર્જેન્ટીના સામે કેમરૂનને બે રેડ બતાવવામાં આવ્યા હતા.

2006ના વર્લ્ડકપમાં જર્મનીમાં પોર્ટુગલ અને નેધરલેન્ડ વચ્ચેની મેચમાં બતાવાયેલા ચાર રેડ કાર્ડ પછી આ મેચ બીજા ક્રમે છે. પણ પહેલી મેચમાં ત્રણ રેડ કાર્ડ બતાવાયા હોવાની આ પહેલી ઘટના છે અને તે એટલા માટે પણ અનોખી છે કે 2022માં કતારમાં રમાયેલા છેલ્લા વર્લ્ડકપમાં, આખી ટુર્નામેન્ટમાં ફક્ત ચાર રેડ કાર્ડ બતાવવામાં આવ્યા હતા. દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ સ્ફેફેલો સિથોલ અને થેમ્બા ઝવેને બંનેને લાલ કાર્ડ બતાવવામાં આવ્યા હતા, જેના કારણે ટીમને નવ ખેલાડીઓ સાથે મેચ રમવી પડી. મેક્સિકોના ડિફેન્ડર સીઝર મોન્ટેસને પણ ઇન્જરી ટાઇમમાં રેડ કાર્ડ બતાવી મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો હતો.

ચેક રિપબ્લિક સામે દક્ષિણ કોરિયાની જીતમાં હ્વાંગ ઇન-બીઓમ ઝળક્યો

પહેલા હાફમા બંને ટીમોએ ખરાબ રમત રમતા વિરામ વખતે તેમનું હુટિંગ થયું

હ્વાંગ ઇન-બીઓમે એક ગોલ કર્યો અને બીજા ગોલમાં સહાયકની ભૂમિકા ભજવી



ગુઆડાલજારા, તા. 12 (એપી) : ફિફા વર્લ્ડકપ 2026ની ગઇકાલે ગુરુવારે અહીં રમાયેલી બીજી મેચમાં હ્વાંગ ઇન-બીઓમેની પ્રભાવક રમતની મદદથી દક્ષિણ કોરિયાએ ચેક રિપબ્લિકને 2-1થી હરાવ્યું હતું. આ મેચમાં હ્વાંગે એક ગોલ કર્યો અને બીજા ગોલમાં સહાયકની ભૂમિકા ભજવી હતી.

આ મેચના પહેલા હાફમાં બંને ટીમો ખરાબ રમી હતી, અને મેદાન છોડતી વખતે તેમનું હુટીંગ પણ થયું હતું. ત્યારબાદ ચેક રિપબ્લિકે 59મી મિનિટે પેનલ્ટી એરિયામાં લાંબા થ્રો-ઇન પછી કેપ્ટન લાડિસ્લાવ ક્રેજીના શાનદાર હેડરથી સરસાઇ મેળવી હતી. 67મી મિનિટમાં હ્વાંગે બે ખેલાડીઓને છકવીને ગોલ કરતા દક્ષિણ કોરિયાએ બરાબરી કરી હતી. ત્યારબાદ 80મી મિનટે તેના જમણી બાજુથી ક્રોસ પાસને ઓહ હ્યોન-ગ્યુએ નિર્ણાયક ગોલમાં ફેરવતા તેમણે 2-1ની સરસાઇ મેળવી હતી અને આ જ સ્કોર પર મેચ પુરી થઇ હતી.

આ મેચ ગુઆડાલજારા સ્ટેડિયમમાં રમાઇ હતી, જ્યાં સેંકડો બેઠકો ખાલી હતી.

અફઘાનિસ્તાન સામેની વન-ડે સિરીઝમાં રોહિત અને નીતિશ રેડ્ડી પર રહેશે નજર

આજે પ્રથમ વન ડેમાં પ્રિન્સ યાદવ અથવા ગુરનૂર બ્રારમાંથી કોઇ એકને વન ડે ડેબ્યુની તક મળી શકે

બપોરે 1.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

ધર્મશાલા, તા. 12 : અફઘાનિસ્તાન સામે શનિવારથી શરૂ થઈ રહેલી ઐતિહાસિક પ્રથમ વન-ડે સિરીઝ સાથે જ ભારતીય ક્રિકેટ ટીમ 2027ના વર્લ્ડકપની તૈયારીઓ સત્તાવાર રીતે શરૂ કરશે. આ સિરીઝમાં કેપ્ટન રોહિત શર્માની મેચ ફિટનેસની આકરી પરીક્ષા થશે, તો બીજી તરફ ઈજાઓથી ઘેરાયેલા રહેતા હાર્દિક પંડ્યાના બેક-અપ તરીકે ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીના પ્રદર્શન પર ટીમ મેનેજમેન્ટની ખાસ નજર રહેશે. આઇપીએલ દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજાનો સામનો કરનાર રોહિત શર્મા અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની સિરીઝ પહેલા પૂરી રીતે ફિટ થઈ ગયો છે. ઑક્ટોબર-નવેમ્બર ૨૦૨૭માં દક્ષિણ આફ્રિકામાં યોજનારા વન-ડે વર્લ્ડ કપ માટે ભારત અત્યારથી જ પ્લાનિંગ કરી રહ્યું છે. જોકે, 39 વર્ષના થઈ ચૂકેલો રોહિત શર્મા 2027ના વર્લ્ડકપ સુધી રમી શકશે કે નહીં તે અંગે શંકાઓ છે. આ મેગા ઈવેન્ટ પહેલા ભારત આશરે 25 વન-ડે મેચ રમવાનું છે, જેથી ટીમ પાસે નવા ખેલાડીઓ અને નવા કોમ્બિનેશન અજમાવવાનો પૂરતો સમય છે.

સંભવિત પ્લેઇંગ ઇલેવન અને ટીમ કોમ્બિનેશનને ધ્યાને લઈએ તો શુભમન ગિલ અને રોહિત શર્મા ઈનિંગ્સની શરૂઆત કરશે. વિરાટ કોહલીની ગેરહાજરીમાં ત્રીજા નંબર પર ટીમમાં વાપસી કરનાર ઈશાન કિશન અથવા યશસ્વી જયસ્વાલમાંથી કોઈ એકને તક મળી શકે છે.

ઓફ-સ્પિનર વોશિંગ્ટન સુંદર ઓલરાઉન્ડર તરીકે રમશે, જ્યારે બીજા સ્પિનર તરીકે કુલદીપ યાદવ ટીમમાં હશે. ટીમમાં અનકેપ્ડ (નવા) લેફ્ટ આર્મ સ્પિનર હર્ષ દુબેનો પણ વિકલ્પ છે, જે બેટિંગ પણ કરી શકે છે. અર્શદીપ સિંઘ અને પ્રસિદ્ધ ક્રિષ્ના પેસ એટેકની આગેવાની કરશે, જ્યારે પ્રિન્સ યાદવ અથવા ગુરનૂર બ્રારમાંથી કોઈ એકને ત્રીજા ફાસ્ટ બોલર તરીકે ઈન્ટરનેશનલ ડેબ્યૂ કરવાની તક મળી શકે છે.

કીવી દિગ્ગજ કેન વિલિયમસને ઇન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહ્યું

ન્યૂઝીલેન્ડ વતી 110 ટેસ્ટ, 175 વન ડે અને 93 ટી-20 રમનારા વિલિયમ્સને કુલ 19346 રન બનાવ્યા છે

ઘણો વિચાર કર્યા પછી મને લાગ્યું કે ખસી જવા માટે આ જ યોગ્ય સમય છે : કેન વિલિયમ્સન

ક્રાઇસ્ટચર્ચ/લંડન, તા. 12 : ન્યૂઝીલેન્ડના દિગ્ગજ બેટ્સમેન કેન વિલિયમસને આજે શુક્રવારે 15 વર્ષથી વધુ સમયની સુવર્ણ કારકિર્દી બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી. તેની સાથે જ ન્યૂઝીલેન્ડ ક્રિકેટમાં ત્રણેય ફોર્મેટમાં એક યુગનો અંત આવ્યો. વિલિયમસન 2015માં ટી-20 ફોર્મેટમાંથી પહેલાથી જ નિવૃત્તિ લઈ ચૂક્યો હતો.

વિલિયમસને ન્યૂઝીલેન્ડ ક્રિકેટ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે મેં આ વિશે ઘણો વિચાર કર્યો છે અને છેલ્લા કેટલાક દિવસોમાં મને લાગ્યું છે કે આ યોગ્ય સમય હતો. મને હંમેશા ઈન્ટરનેશનલ ક્રિકેટ રમવાની તીવ્ર ઈચ્છા અને ઉત્સાહ રહ્યો છે, અને મને ગર્વ છે કે મેં દરેક મેચમાં ન્યૂઝીલેન્ડ માટે મારું સર્વસ્વ આપ્યું છે. આનાથી ઓછા સમયમાં રમવાનું ચાલુ રાખવું યોગ્ય રહેશે નહીં અને હું ભાગ્યશાળી છું કે મેં આ નિર્ણય મારી જાતે લીધો છે.

35 વર્ષીય વિલિયમસને ન્યૂઝીલેન્ડ માટે તમામ ફોર્મેટમાં 19,346 રન બનાવ્યા છે, જેમાં ટેસ્ટ ક્રિકેટમાં 33 સદી અને છ બેવડી સદી સાથે 9,500થી વધુ રનનો સમાવેશ થાય છે, જેમાં છ બેવડી સદી સાથેની ૩૩ સદી અને 38 અર્ધસદીનો સમાવેશ થાય છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટે જણાવ્યું કે આપણા મહાન ખેલાડીઓમાંથી એક વિદાય લઈ રહ્યો છે.

કેન વિલિયમ્સનની ક્રિકેટ કેરિયર આંકડાની નજરે (બેટિંગ)

ફોર્મેટ	મેચ	રન	શ્રેષ્ઠ	એવરેજ	સ્ટ્રાઇક રેટ	100	50
ટેસ્ટ	110	9515	251	54.06	51.97	33	38
વન ડે	175	7256	148	48.69	81.59	15	47
ટી-20Is	93	2575	95	33.44	123.08	0	18
ફર્સ્ટક્લાસ	182	14677	284*	50.96	52.56	45	66
લિસ્ટ A	237	9420	148	47.33	81.17	19	59
ટી-20s	293	7454	101*	31.71	123.47	1	51

કેન વિલિયમ્સનની ક્રિકેટ કેરિયર આંકડાની નજરે (બોલિંગ)

ફોર્મેટ	મેચ	વિકેટ	શ્રેષ્ઠ	ઇકોનોમી	સ્ટ્રાઇક રેટ	4w	5w
ટેસ્ટ	110	30	4/44	3.36	71.7	1	0
વન ડે	175	37	4/22	5.35	39.6	1	0
ટી-20Is	93	6	2/16	8.33	19.6	0	0
ફર્સ્ટક્લાસ	182	86	5/75	3.37	77.0	1	1
લિસ્ટ A	237	67	5/51	5.18	41.1	1	1
ટી-20s	293	30	3/33	7.08	25.6	0	0

પ્રસિદ્ધ શૂટર અને કોચ જસપાલ રાણાનું 49 વર્ષની વયે નિધન

મ્યુનિકથી પરત ફરતી વખતે ફ્લાઇટમાં બિમાર પડેલા રાણાને દિલ્હીની હોસ્પિટલમાં સ્ટેન્ટ મૂકાયો હતો

સ્ટેન્ટ મૂકાયા પછી પણ સ્થિતિ સુધરવાને બદલે વધુ ખરાબ થતાં અકાળે મૃત્યુ થયું

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઇ) : ભારતના શ્રેષ્ઠ પિસ્તોલ શૂટર્સમાંના એક અને પેરિસ ઓલિમ્પિક્સમાં મનુ ભાકરના બે બ્રોન્ઝ મેડલ જીતમાં મહત્વની ભૂમિકા ભજવનાર જસપાલ રાણાનું શુક્રવારે વહેલી સવારે હૃદય સંબંધિત બીમારીઓને કારણે 49 વર્ષની વયે અવસાન થયું. નેશનલ રાઇફલ એસોસિએશન ઓફ ઇન્ડિયા (NRAI)ના પ્રમુખ કલિકેશ નારાયણ સિંહ દેવના જણાવ્યા અનુસાર, રાણાએ ગઈકાલે મોડી રાત્રે દિલ્હીની એક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. સૂત્રોએ જણાવ્યું હતું કે તેમનું મૃત્યુ હૃદય રોગ સંબંધિત ગૂંચવણોને કારણે થયું હતું. તેમના અકાળ મૃત્યુથી રમતગમત જગતને આઘાત લાગ્યો છે.

હોસ્પિટલના સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું કે જસપાલ રાણાને છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ 1 જૂને સાકેતની મેક્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની ધમનીઓમાં બ્લોકેજ હોવાનું જાણવા મળ્યું હતું. શુક્રવારે વહેલી સવારે તેમનું અવસાન થયું. જર્મનીના મ્યુનિકમાં તાજેતરમાં યોજાયેલા ISSF વર્લ્ડ કપમાંથી ભારતીય ટુકડીની પરત ફરતી વખતે રાણા બીમાર પડી ગયા હતા અને તેમને તબીબી પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું. નવી દિલ્હી પહોંચ્યા પછી, તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને સ્ટેન્ટ નાખવામાં આવ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રારંભિક અહેવાલોમાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું હતું, પરંતુ બાદમાં તેમની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. રાણા ભારતીય પિસ્તોલ શૂટર્સ માટે 'હાઈ પરફોર્મન્સ કોચ' તરીકે કામ કરી રહ્યા હતા.

રાણાના નિધનથી ભારતીય રમતગમતને મોટું નુકસાન : રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને બિન્દ્રાની શ્રદ્ધાંજલિ

ભારતના દિગ્ગજ શૂટર્સ અને પ્રસિદ્ધ કોચ જસપાલ રાણાના અકાળ અવસાનથી સમગ્ર રમત જગતમાં શોકની લહેર ફેલાઇ ગઇ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય રમતગમત ક્ષેત્રની હસ્તીઓએ તેમના પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. રાષ્ટ્રપતિ મુર્મુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરેલા સંદેશમાં જણાવ્યું હતું કે જસપાલ રાણાજીના નિધનના સમાચાર ખૂબ જ દુઃખદ છે. પીએમ મોદીએ એક્સ પર લખ્યું હતું કે જસપાલ રાણાજીના નિધનથી મને ખૂબ જ દુઃખ થયું છે. તેમનું નિધન ભારતીય રમત જગત માટે એક મોટું નુકસાન છે. ઓલિમ્પિક્સ સુવર્ણ ચંદ્રક વિજેતા શૂટર અભિનવ બિન્દ્રાએ રાણાના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો.

WFIએ વય છેતરપીંડી મામલે 500થી વધુ રેસલર્સને ગેરલાયક ઠેરવ્યા

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઇ) : ડબલ્યુએફઆઇએ ઉંમરની છેતરપિંડી સામે મોટી કાર્યવાહી કરીને અંડર-17 નેશનલ ઓપન રેન્કિંગ રેસલિંગ ચેમ્પિયનશિપમાંથી 500થી વધુ રેસલર્સને ગેરલાયક ઠેરવ્યા છે. કડક આધાર એપ આધારિત ચકાસણી પ્રણાલીના અમલીકરણ પછી, રમતવીરોના દસ્તાવેજોમાં વ્યાપક વિસંગતતાઓ મળી આવી હતી. ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં 6 થી 8 જૂન દરમિયાન પુરુષોની ફ્રીસ્ટાઇલ, ગ્રીકો-રોમન અને મહિલા શ્રેણીઓમાં આયોજિત સ્પર્ધા માટે લગભગ 1,200 રેસલર્સએ નોંધણી કરાવી હતી. ઉંમર ચકાસણી માટે, રમતવીરોને તેમના આધાર કાર્ડ, તેમના મોબાઇલ નંબર સાથે લિંક કરવા અને આધાર એપ્લિકેશન દ્વારા OTP પ્રમાણીકરણ સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. ચકાસણી પ્રક્રિયા દરમિયાન, જન્મ પ્રમાણપત્રો અને આધાર કાર્ડમાં નોંધાયેલી જન્મ તારીખ અને જન્મ સ્થળ વચ્ચે નોંધપાત્ર વિસંગતતાઓ જોવા મળી હતી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
DGVCL
CIN U40102GJ2003SGC042909
સચિન વિભાગીય કચેરી,
સચિન જીઆઇડીસી રોડ નંબર-૩, પ્લોટ નંબર -૩૨૫
પાલીવાલા ચોક નજીક સચિન-૩૯૪૩૨૦, સુરત.
ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નંબર. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે અને સમયે જે તે ફીડર ઉપર વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ નં	સબ-સ્ટેશન નુ નામ	ફીડર નુ નામ	સબ-ડીવીજન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ	સમય
૧	૬૬ કેવી સચિન-સી	૧૧ કેવી ડાયમંડ	ઉન		૧૬.૦૬.૨૬	૦૭:૦૦ થી ૧૧:૦૦
૨	૬૬ કેવી ખરવાસા	૧૧ કેવી બોણંદ	ખરવાસા		૧૬.૦૬.૨૬	૦૭:૦૦ થી ૧૧:૦૦
૩	૬૬ કેવી વાંઝ	૧૧ કેવી જી.એચ.બી	સચિન રૂરલ	૧૯૧૨૩	૧૭.૦૬.૨૬	૦૭:૦૦ થી ૧૧:૦૦
૪	૬૬ કેવી એરથાણ	૧૧ કેવી તાતીઝગડા	ખરવાસા		૧૭.૦૬.૨૬	૦૭:૦૦ થી ૧૧:૦૦
૫	૬૬ કેવી વાંઝ	૧૧ કેવી પારડી	સચિન રૂરલ		૧૮.૦૬.૨૬	૦૭:૦૦ થી ૧૧:૦૦
૬	૬૬ કેવી જીઆવ	૧૧ કેવી સોનારી	ઉન		૧૮.૦૬.૨૬	૦૭:૦૦ થી ૧૧:૦૦

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
DGVCL
CIN U40102GJ2003SGC042909
પાંડેસરા વિભાગીય કચેરી
બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ,
પાડેસરા, સુરત-૩૯૫૦૨૩
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવતાવીજ ગ્રાહકોને જણાવવાનું કે,નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં તથા ફીડરો માં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ સ્ટેશન માં વીજપ્રવાહબંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
1	૬૬ કેવી પાંડેસરા-બી	૨૨ કેવી વર્ષા	પાંડેસરા		૧૫.૦૬.૨૦૨૬	૦૭:૦૦ થી ૧૩:૦૦
2	૬૬ કેવી ગોડાદરા	૨૨ કેવી ડીંડોલી	દેવધ		૧૬.૦૬.૨૦૨૬	૦૭:૦૦ થી ૧૩:૦૦
3	૬૬ કેવી ગોડાદરા	૨૨ કેવી રસીવાલા	લિંબાયત			૦૮:૦૦ થી ૧૫:૦૦
4	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી રાજલક્ષ્મી	પ્રમુખ પાર્ક		૧૭.૦૬.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૩:૦૦
5	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી દીપકનગર	ડીંડોલી			૦૭:૦૦ થી ૧૧:૦૦
6	૬૬ કેવી ગોડાદરા	૨૨ કેવી ઉધનયાર્ડ	લિંબાયત			૦૮:૩૦ થી ૧૨:૦૦
7	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી નંદનવન	ડીંડોલી	૧૯૧૨૩	૧૮.૦૬.૨૦૨૬	૦૭:૦૦ થી ૧૧:૦૦
8	૬૬ કેવી ગોવાલક	૨૨ કેવી રોટલીવાલા	ઉધના-3			૦૮:૦૦ થી ૧૫:૦૦
9	૬૬ કેવી પાંડેસરા-એ	૨૨ કેવી સિદ્ધિવિનાયક	પાંડેસરા			૦૭:૦૦ થી ૧૩:૦૦
10	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી સાંઇ શ્રદ્ધા	પ્રમુખ પાર્ક		૧૯.૦૬.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૫:૦૦
11	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી સાલીની	પ્રમુખ પાર્ક		૨૦.૦૬.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૪:૦૦
12	૬૬ કેવી એકલેરા	૧૧ કેવી શાંતિવન	ઉધના રૂરલ			૦૭:૦૦ થી ૧૩:૦૦
13	૬૬ કેવી પાંડેસરા-એ	૨૨ કેવી રિલાયન્સ	પાંડેસરા			૦૭:૦૦ થી ૧૩:૦૦

કાર્યપાલક ઇજનેર
દ.ગુ.કં.લી, પાંડેસરા વિભાગીય કચેરી

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

વાપી મહાનગરપાલિકા- વાપી
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
(જાહેર નોટીસ)
(ટાઉન પ્લાનીગ અને એસ્ટેટ વિભાગ)

જર્જરિત અને ભયજનક બિલ્ડિંગ ખાલી કરવા તથા તોડી પાડવા બાબત,

પ્રતિ,
સંબંધિત મકાન/ફ્લેટના માલિકો, કબ્જેદારો તથા હિતધરાવનારાઓ,
બિલ્ડિંગના નામ અને સરનામું :-
1) આરાધના બી, (આરાધના કોમ્પ્લેક્ષ, આરાધના-એ વેરા શાખા પ્રમાણે) મહાવીરનગર, ડુંગરી ફળીયા,ડુંગરા.
2) આરાધના સી, (આરાધના કોમ્પ્લેક્ષ, આરાધના-બી વેરા શાખા પ્રમાણે) મહાવીરનગર, ડુંગરી ફળીયા, ડુંગરા.
3) આરતી બિલ્ડિંગ, મહાવીરનગર, ડુંગરી ફળીયા, ડુંગરા.
4) રોયલ કોમ્પ્લેક્ષ, મિલતનગર, ડુંગરી ફળીયા,ડુંગરા
5) પૂજા બિલ્ડિંગ (મહાવીર એપાર્ટમેન્ટ), મહાવીરનગર, ડુંગરી ફળીયા, ડુંગરા.

આથી વાપી મહાનગરપાલિકા વિસ્તારની જાહેર જનતા તેમજ ઉપરોક્ત બિલ્ડિંગોના સંબંધિત માલિકો, કબ્જેદારો અને હિતધરાવનારાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત બિલ્ડિંગો અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં આવેલ છે તથા ગમે ત્યારે ધરાશાયી થવાની શક્યતા રહેલ છે. આ અંગે વાપી મહાનગરપાલિકા દ્વારા અગાઉ સંબંધિત ફ્લેટ ધારકો/કબ્જેદારોને નોટિસો પાઠવવામાં આવેલ હતી, છતાં આજદિન સુધી બિલ્ડીંગ રીપેર કરાવવામાં આવેલ નથી કે સ્વખર્ચે બિલ્ડીંગ ઉતારી પાડવામાં આવેલ નથી.આ જર્જરિત મકાનો તૂટી પડે તો જાન હાનિ થવાની સંભાવના રહેલ છે જેથી આવા અતિ નબળા મકાનો મહાનગરપાલિકા દ્વારા ધી જી.પી.એમ.સી એક્ટ-1949ની કલમ 264(3) મુજબ મકાન ઉતારી પાડવાના થાય છે તથા કલમ 264(4)મુજબ મકાન ઉતરવાનો ખર્ચ જે-તે મકાન/ફ્લેટના માલિકો, કબ્જેદારો તથા હિતધરાવનારાઓ પાસે વસૂલ કરવાનો થાય છે.

ઉપર મુજબના બિલ્ડિંગો હાલે બંધ/ખાલી હાલતમાં હોવાને કારણે સ્થળે મકાનમાલિક/ કબ્જેદારો હાજર ન હોય જર્જરિત બિલ્ડીંગ ઉતારી પાડવાના હુકમ સ્થળે બિલ્ડિંગની દીવાલ/દરવાજા ઉપર ચોંટાડવામાં આવેલ છે તથા જેથી આ જાહેર નોટિસ થકી ઉપરોક્ત બિલ્ડિંગોના સંબંધિત માલિકો, કબ્જેદારો અને હિતધરાવનારાઓને તથા તમામ સંબંધિતોને નામ/સરનામાના અભાવે જો સદર હુકમની નકલ મળેલ ન હોય તો આ જાહેર નોટિસને વ્યક્તિગત હુકમ માનવાનો રહેશે.

આથી તમામ સંબંધિતોને સૂચિત કરવામાં આવે છે કે, આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ૭ (સાત) દિવસની અંદર બિલ્ડિંગ સંપૂર્ણપણે ખાલી કરી દેવું તેમજ મકાન/ફ્લેટમાં કોઈ કિંમતી માલસામાન,ફર્નિચર દસ્તાવેજો તથા અન્ય વસ્તુઓ તાત્કાલિક હોય તો દૂર કરી લેવી. વધુમાં, જો ઉપરોક્ત મિલકતો ઉપર કોઈ બેંક/નાણાકીય સંસ્થા દ્વારા કબ્જો લેવામાં આવેલ હોય અથવા બેંક/નાણાકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો બોજો, હિત, ગીરવે હક અથવા કાર્યવાહી ચાલતી હોય, તો સંબંધિત બેંક/નાણાકીય સંસ્થાએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ૭ (સાત) દિવસની અંદર જરૂરી પુરાવાઓ સાથે અત્રેની કચેરીને લેખિતમાં જાણ કરવાની રહેશે. જો નિયત સમયમર્યાદામાં માલસામાન દૂર કરવામાં નહીં આવે અને બિલ્ડિંગ તોડી પાડવાની કામગીરી દરમિયાન આપના મકાનના ફર્નીચર,માલ-સામાનને કોઈપણ પ્રકારનું નુકસાન થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત માલિક/કબ્જેદારની પોતાની રહેશે. તે અંગે વાપી મહાનગરપાલિકા અથવા તેના અધિકારીઓની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

વધુમાં પ્રશ્નવાળા બિલ્ડીંગ/મકાન તોડી તેનો કાટમાળ જે-તે સ્થળે જ છોડી દેવામાં આવશે.કાટમાળને સાચવવાની અથવા તેના નિકાલની સંપૂર્ણ જવાબદારી જમીન માલિકો/ફ્લેટ ધારકો/કબ્જેદારોની રહેશે.વાપી મહાનગરપાલિકા કાટમાળના નિકાલ બાબતે કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

સહી/-
ટાઉન પ્લાનર
વાપી મહાનગરપાલિકા-વાપી

સ્થળઃ- વાપી
તારીખઃ-૧૧/૦૬/૨૦૨૬
ન. માહિતી/વલસાડ/ ૧૬૨/૨૦૨૬